GJNV010014392026

Presented on : 30-05-2026
Registered on : 30-05-2026
Decided on : 04-06-2026
Duration : 00-00-05

**IN THE COURT OF**
**PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE**
**AT NAVSARI**
**(Presided Over by C.G.MEHTA)**

**CRMA S/568/2026**

**Exhibit No.6**

Applicant:
DHIRAJ S/O CHATUR RAGHAV PATIL
AT PRESENT - HOUSE NO. 207, GREENPARK SOCIETY, HALDHARU VILLAGE, RENTAL HOUSE, TA.KAMREJ, DIST. SURAT
ORIGINAL ADD - VILLAGE MONDALA, BHAVANI NAGAR, TA. PAROLA, DIST. JALGAON, MAHARASTRA

**VERSUS**

Opponent:
State of Gujarat

---

Advocate appearing for Applicant: Ms.P.S. CHAUDHARY
PP appearing for Opponent: Mr.T.C. SULE

---

**Sec. 483 of THE BHARATIYA NAGARIK SURAKSHA SANHITA, 2023**

**ચુકાદો**

ઈ.ચા.મુખ્ય સત્ર ન્યાયાધીશ

**૧.** નવસારી રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુના રજિસ્ટર નંબર: ૧૧ ૮૨૨૦૨૧૨૬૦૮૬૩/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે પોલીસે અરજદાર/ આરોપીની ધરપકડ કરેલ હોઈ, તેઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૪૮૩ હેઠળ નિયમિત જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

**૨.** સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન પી.પી.શ્રી ટી.સી. સુળેનાઓએ આંક: ૫થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામું રજૂ કરેલ છે.

**૩.** અરજદાર/ આરોપી તરફે વિદ્વાન વકીલસુશ્રી પી.એસ. ચૌધરી દ્વારા દલીલમાં રજૂઆત કરવામાં આવી કે, અરજદાર/ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/ આરોપીને તા.૨૨–૦૫–૨૦૨૬ના રોજ અટક કરેલ ત્યારથી તેઓ કસ્ટડીમાં છે. અરજદાર/ આરોપીએ કોઈ ગુનો કરેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે સદર પકડાયેલ પ્રોહીબીશનના જથ્થાવાળા વાહનમાં અરજદાર/ આરોપી ચાલક હોવાનો આક્ષેપ છે. અરજદાર/ આરોપી યુવાન વયના છે અને તેઓ દર્શાવેલ સરનામેના રહેવાસી છે તથા નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં દલીલ કરેલ છે કે, અરજદાર/ આરોપીને જામીન ઉપર છોડવામાં આવે તો શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે. તેથી અરજદાર/ આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

**૪.** સામાવાળા/ સરકાર તરફે વિદ્વાન પી.પી.શ્રી ટી.સી. સુળે દ્વારા દલીલમાં રજૂઆત કરવામાં આવી કે, આ કામે અરજદાર/ આરોપીએ પોતાના

કબજાની મહેન્દ્રા બોલેરો પીકઅપ કાર નં.એમપી ૧૩–ઝેડએમ ૩૬૫૧ માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ – વ્હીસ્કી તથા ટીન બીયર કુલ નંગ–૧૦૨૦, કિંમત રૂ.૩,૪૦,૫૧૨/– વહન કરી લાવેલ હોવાનો આક્ષેપ છે. અન્ય આરોપીઓને પકડવાના બાકી છે. અરજદાર/ આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર/ આરોપીને જામીન ઉપર છોડવામાં આવે તો ફરીથી આવી ગુનાહિત પ્રવૃત્તિ કરે તેમ જણાઈ આવે છે. તેથી ગુનાની ગંભીરતા ધ્યાને લઈ અરજદાર/ આરોપી વિરુધ્ધ પ્રથમદર્શનીય કેસ હોઈ, અરજી રદ કરવા જણાવેલ છે.

**૫.** બંને પક્ષોએ થયેલ દલીલો, ત.ક.અમલદારનું સોગંદનામું અને રજૂ દસ્તાવેજી પુરાવા, પોલીસ પેપર્સ વગેરે ધ્યાને લીધાં. આ ગુનાના કામે અરજદાર/ આરોપીએ પોતાના કબજા તથા માલિકીની મહેન્દ્રા બોલેરો પીકઅપ કાર નં.એમપી ૧૩–ઝેડએમ ૩૬૫૧માં વગર પાસ પરમીટે ભારતીય બનાવનટના વિદેશી દારૂ – વ્હીસ્કી તથા ટીન બીયર કુલ નંગ–૧૦૨૦, કિંમત રૂ.૩,૪૦,૫૧૨/– વહન કરી લાવેલ હોવાનો આક્ષેપ છે. આમ અરજદાર/આરોપીની ગુનામાં ભુમિકા ધ્યાને લેતાં, અરજદાર/ આરોપી સદર પકડાયેલ દારૂનો જથ્થો ભરેલ સદર કારના માલિક તથા ચાલક છે અને વગર પાસ પરમીટે સદર દારૂનો જથ્થો વહન કરતા પકડાયેલ હોવાનો આક્ષેપ છે. અરજદાર/ આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, પરંતુ તે પૈકી ત્રણ કેસમાં અરજદાર/ આરોપીને નિર્દોષ છોડી મૂકેલા છે અને એક કેસમાં ઈન્સાફી કાર્યવાહી ચાલવા પર છે. અરજદાર/ આરોપીને તા.૨૨–૫–૨૦૨૬થી અકટ કરેલ

ત્યારથી તેઓ કસ્ટડીમાં છે અને આ કામે ગુનાની તપાસ મહદંશે પૂરી થઈ ગયેલાનુ જણાઈ આવે છે. અરજદાર/ આરોપી નાસી ભાગી જાય તેમ નથી, તપાસમાં સહકાર આપે તેમ છે અને પુરાવા સાથે ચેડા કરે તેમ જણાતુ નથી. અરજદાર/ આરોપીની ટ્રાયલ સમયે હાજરી મળી આવે તેમ જણાય છે. અરજદાર/ આરોપી સામેનો કેસ ચાલતા લાંબો સમય જાય તેમ હોઈ, અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં ન આવે તો તેઓને પ્રિટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. સહઆરોપી વિજય નામદેવ ધનુ પાટીલને અત્રેની અદાલતે ફો.પ.(જા.) અ.નં.૫૬૧/૨૦૨૬થી જામીન મુકત કરેલા છે. તેથી અરજદાર/ આરોપીની હાલની જામીન અરજી મંજૂર કરવાનું ન્યાયોચિત જણાતું હોઈ નીચે મુજબ આખરી હુકમ કરું છું.

<u>હુકમ</u>

**૧.** આરોપી/ અરજદાર ધીરજ ચતુર રાઘવ પાટીલ (હાલ જયુડિશિયલ કસ્ટડી)નાઓની નવસારી રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુના રજિસ્ટર નંબર: ૧૧૮૨૨૦૨૧૨૬૦૮૬૩/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે ફો.પ. (જામીન) અ. નં.૫૬૮/૨૦૨૬ મંજૂર કરવામાં આવે છે.

**૨.** અરજદાર/ આરોપીએ, રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર)ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી, ઉપરોકત ગુનામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** <u>શરતો</u>:–

  **૧.** અરજદાર/ આરોપીએ ફરિયાદ પક્ષના શાહેદોને ધાકધમકી આપવી નહિ.

ઈ.ચા.મુખ્ય સત્ર ન્યાયાધીશ

**૨.** અરજદાર/ આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા કરાવવા નહિ.

**૩.** અરજદાર/ આરોપીએ પોલીસ તપાસમાં સહકાર આપવો.

**૪.** ટ્રાયલ દરમિયાન અરજદાર/ આરોપીએ સંબંધિત અદાલતમાં નિયમિત હાજરી પૂરાવવી તથા તે અંગેની બાંયધરી સોગંદનામા પર ટ્રાયલ કોર્ટમાં રજૂ કરવી.

**૫.** અરજદાર/ આરોપીએ તેઓ હવે પછી આવા પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાશે નહિ તે બાબતની બાંયધરી સોગંદનામાં પર ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવી.

**૬.** ટ્રાયલ કોર્ટની પરવાનગી સિવાય અરજદાર/ આરોપીએ રહેઠાણ બદલવું નહિ અને હાલના રહેઠાણનું સરનામું તેમજ કાયમી રહેઠાણનું સરનામું તથા મોબાઈલ નંબર આધારભૂત પુરાવા સાથે ટ્રાયલ કોર્ટમાં તથા ત.ક.અમલદારશ્રી સમક્ષ રજૂ કરવા.

**૭.** ટ્રાયલ કોર્ટની પરવાનગી સિવાય અરજદાર/ આરોપીએ ભારત દેશની હદ છોડવી નહિ અને પાસપોર્ટ ધરાવતા હોય તો તે ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને પાસપોર્ટ નહિ ધરાવતા હોય તો ટ્રાયલ કોર્ટમાં તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

**૪.** જામીન સંબંધિત અદાલત સમક્ષ આપવા.

**૫.** આ હુકમની લેખિત યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને તથા સંબંધિત અદાલતને કરવી.

આજ તા.૪[થી] જૂન, ૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(ચિન્મય ઘનશ્યામભાઈ મહેતા)**
**ઈ.ચા.મુખ્ય સત્ર ન્યાયાધીશ, નવસારી**
કોડ નં.જીજે૦૦૫૩૪

સંરદ

ઈ.ચા.મુખ્ય સત્ર ન્યાયાધીશ